ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૯૨/૨૧-૨૨/ 1691 તારીખ : 27 MAY 2022

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી રણજીતભાઈ બહાદુરભાઈ વાળા,**
**એ-વર્લ્ડ મલ્ટીપ્લેક્ષ, આનંદધામ,**
**પાળીયાદ રોડ,**
**બોટાદ.**

કેસ નં.૯૨/૨૧-૨૨

**મો.નં- ૯૯૦૪૯ ૯૯૯૦૫**

**વિષય : એલ.ટી.એમ.ડી વિજ કનેકશનના સ્લો મીટરના પુરવણી બિલ અંગે.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૧૬/૦૩/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૭/૦૩/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૨/૨૧-૨૨/૯૩૯ તા.૧૯/૦૩/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૨/૨૧-૨૨/૧૧૯૨ તા.૧૨/૦૪/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૭/૦૪/૨૦૨૨** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **બોટાદ.**

*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **બોટાદ.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, શહેર પેટા વિભાગીય કચેરી-૨, **બોટાદ.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૯૨/૨૧–૨૨** ☜

વાદી :– **શ્રી રણજીતભાઈ બહાદુરભાઈ વાળા,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૨૭/૦૪/૨૦૨૨** ◈

હાજર રહયા :– **શ્રી એમ.એમ.દવે (વાદી ના ટેકનીકલ સલાહકાર)**

પ્રતિવાદી :– **શ્રી ડી.કે.ખુંટ, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, બોટાદ.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી રણજીતભાઈ બહાદુરભાઈ વાળા, મું.બોટાદ, જી.બોટાદ ની એલ.ટી.એમ.ડી વિજ કનેકશનના સ્લો મીટરના પુરવણી બિલ અંગેની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૯૨/૨૧–૨૨ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, બોટાદ ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૨/૨૧–૨૨/૯૩૭ તા.૧૯/૦૩/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૨૭/૦૪/૨૦૨૨** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી રણજીતભાઈ બહાદુરભાઈ વાળા વતી તેમના ટેકનીકલ સલાહકાર શ્રી એમ.એમ.દવે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી ડી.કે.ખુંટ, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, બોટાદ ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમોને આપેલ આ ધીમા મીટરના ૩૩ મહિનાના પુરવણી બિલ ની રકમના ૫૦% રકમ ભરીને ઈલેક્ટ્રીકલ ઈન્સ્પેકટરશ્રી ને કલમ–૧૨૭ નીચે અપીલ કરવાને બદલે GERC ના નિયમ પ્રમાણે આપેલ બિલ ની રકમ રૂ.૪,૭૯,૭૨૯/૮૩ ના ૩૩% રકમ રૂ.૧,૫૮,૩૧૧/– ભરીને આ ફરીયાદ નોંધાવીએ છીએ જેથી ન્યાય મેળવવા જરૂર પડે તો ભવિષ્યમાં અમે ફોરમના હુકમ સામે નામદાર વિધુત લોકપાલ સાહેબ, અમદાવાદ ને રજૂઆત કરી શકીએ.

૧.૨ અમોને નાયબ ઈજનેરશ્રી, પીજીવીસીએલ, ટાઉન સબ ડિવિઝન નં–૨, બોટાદ દ્વારા ઈલેક્ટ્રીસીટી સપ્લાય કોડ એન્ડ રીલેટેડ મેટર રેગ્યુલેશન –૨૦૧૫ ના સેકશન – ૬.૩૩ ના નિયમ વિરૂધ્ધ છેલ્લા ૬ મહિનાના બદલે છેલ્લા ૩૩ મહિના માટેનું પત્ર નં–બીટીએસડી–૨/૮૭૯ તા.૧૭/૦૨/૨૦૨૨ બિલ અમોને આપેલ છે. તેથી આ પુરવણી બિલ રદ કરી સેકશન – ૬.૩૩ પ્રમાણે છેલ્લા ૬ મહિના માટે સ્લો મીટરના પુરવણી બિલ આપવા હુકમ કરવા વિનંતી છે.

૧.૩ અમારા આ સ્ટેટીક મીટરની બી ફેઈઝ ની પીટીના લુઝ કનેકશનના કારણે કુલ ૧૩ વખત પીટી મીસીગ ટેમ્પર કાઉન્ટ માં નોંધાયેલ છે અને ૧૨ વખત આ બી ફેઈઝ ની પીટીના વોલ્ટેજ રીકવર થઈ નોર્મલ પણ થઈ ગયેલ હતા તેવું MRI DATA માં નોંધાયેલ છે. એટલે કે પ્રથમ વખત બી ફેઈઝ ની પી.ટી નો કાઉન્ટ તા.૭/૪/૨૦૧૯ ના નોંધાયેલ છે, ત્યારથી મીટર ઉતાર્યા તા.૧૫/૨/૨૦૨૨ સુધીનું પુરવણી બિલ બનાવેલ છે અને જાણે કે આ મીટરની સતત બી ફેઈઝ ની પીટી મીસીગ હોય અને તેથી મીટર સતત ધીમું ફરેલ હોય તે પ્રમાણે ગણતરી કરેલી છે.

૧.૪ ચેકીગ શીટ નં–૫૮૦૫૧ તા.૧૫/૨/૨૦૨૨ માં દર્શાવેલ વિગત પ્રમાણે અમારા મીટરમાં બી ફેઈઝ ની પીટીના વોલ્ટેજ – ૦૦૦૦ આવતા હોવાથી મીટર તાત્કાલીક બદલાવી લેબોરેટરીમાં પરીક્ષણ માટે મોકલેલ હતું. આ મીટરના રીડીગ પીજીવીસીએલના કર્મચારીઓ દર મહિને રૂબરૂ આવી અને આ મીટરના રીડીગ લઈને બિલ બનાવી અમોને આપતા હતા અને તેવા તમામ કર્મચારીઓને પણ આ મીટરમાં બી ફેઈઝ ની પીટીના વોલ્ટેજ – ૦૦૦૦ જોવા મળેલ હશે જ તેમ છતાં, આ બાબતે કોઈને જાણ કરેલી ના હોવાથી પાછલા ૩૩ મહિનાઓ દરમિયાન ટેમ્પર ડેટા પ્રમાણે અલગ અલગ ૧૨ સમયગાળા દરમિયાન આ મીટર ધીમું ફરેલું હોય તેમ MRI DATA માં બી ફેઈઝ ની પીટી Missing Tamper Data માં નોંધાયેલ છે.

૧.૫ આમ જે સમયે મીટર ફીટ કરતી વખતે પીજીવીસીએલના વિજ કર્મચારીઓની ભૂલ/ક્ષતિ ના કારણે આ મીટરના વાયરીગ લુઝ રહેવાથી મીટરના રેકોર્ડીગ માં ઉપર પ્રમાણે ક્ષતિ ઉભી થયેલી છે તેમાં ગ્રાહકનો કોઈ ફોલ્ટ નથી.

૧.૬ અમોને આપેલ ધીમા મીટરનું આ પુરવણી બિલ રદ કરીને GERC ના ઈલેકટ્રીસીટી સપ્લાય કોડ એન્ડ રીલેટેડ મેટર રેગ્યુલેશન –૨૦૧૫ ના સેકશન – ૬.૩૩ પ્રમાણે છેલ્લા ૬ મહિના ના સમયગાળા માટે આ ધીમા મીટરનું પુરવણી બિલ ગણતરી કરીને આપવા વિનંતી.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ અરજદારશ્રી રણજીતભાઈ બહાદુરભાઈ વાળા C/O એ વર્લ્ડ મલ્ટીપ્લેક્ષ ના નામથી LTMD કેટેગરીનું ૧૦૦ કિ.વો.નું ગ્રાહક નં–૮૫૮૦૩/૦૭૫૬૧/૨ થી ધરાવે છે. સદર વિજ જોડાણ તા.૨૦/૧૦/૨૦૦૮ ના રોજ રીલીઝ કરવામાં આવેલ.

૨.૨ સદર વિવાદીત મીટર સ્થળ પર તા.૩૦/૧૧/૨૦૧૮ ના રોજ લગાડવામાં આવેલ.

૨.૩ તા.૧૫/૨/૨૦૨૨ ના રોજ કરવામાં સદર વિજ જોડાણનું ચેકીગ કરવામાં આવેલ. જે દરમ્યાન વિજ સ્થાપન ઉપર લાગેલ વિજ મીટર નં–PG-165285 માં R ph વોલ્ટેજ ૨૪૯.૪૩ Y ph વોલ્ટેજ ૨૫૧.૩૧ અને B ph માં વોલ્ટેજ ૦૦૦.૦૦ માલૂમ પડતાં, એસ.એમ.સી સીલ યથાવત રાખી એસ.એમ.સી સહિત ઉતારી વધુ લેબ ચકાસણી અર્થે ચેકીગ શીટ નં–૫૮૦૫૧ તા.૧૫/૨/૨૦૨૨ મુજબ કબ્જે લેવામાં આવેલ.

૨.૪ સદર એસ.એમ.સી સહિત ઉતારેલ મીટરની લેબ ચકાસણી ગ્રાહકશ્રી ની હાજરીમાં કરવા ગ્રાહકને રૂબરૂ જાણ કરતા તા.૧૫/૨/૨૦૨૨ ના રોજ ગ્રાહકશ્રી ના પ્રતિનિધિ ની હાજરીમાં સદર મીટરની લેબ ચકાસણી કરવામાં આવેલ અને મીટરનો MRI લેવામાં આવેલ. લેબ ચેકીગ શીટ નં–૧૧૯૯/૧૫–૨–૨૦૨૨ મુજબ સદર મીટર ૩૬.૬૫% ધીમું માલૂમ પડેલ.

Consumer Grievances Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૨.૫ સદર ઉતારેલ મીટર સ્થળ પર તા.૩૦/૧૧/૨૦૧૮ ના રોજ નવા મીટર રૂમમાં અરજદારની અરજીના અનુસંધાને લગાડવામાં આવેલ અને તા.૧૫/૨/૨૦૨૨ ના રોજ વિજ ચેકીંગ દરમ્યાન ચેકીંગ શીટ નં–૫૮૦૫૧ તા.૧૫/૨/૨૦૨૨ મુજબ ઉતારેલ છે. મીટર MRI રીપોર્ટ મુજબ તા.૭/૪/૨૦૧૯ થી સદર મીટરમાં ખામી થયેલ હોવાનું માલૂમ પડેલ છે.

૨.૬ સદર વિજ જોડાણ છેલ્લે તા.૫/૩/૨૦૧૯ ના રોજ ચેકીંગ શીટ નં–૩૦૭૨ થી કરવામાં આવેલ છે. લેબ ચકાસણી રીપોર્ટ અને મીટર ડેટા મુજબ સદર મીટર તા.૭/૪/૨૦૧૯ થી ખામી થયેલ હોવાનું માલુમ પડતાં, ગુજરાત વિધુત નિયંત્રક આયોગ ના વિધુત જાહેરનામા ક્રમાંક નં–૪/૨૦૧૫ ના સેકશન – ૭.૭ ના માર્ગદર્શક સૂચના – ૪ માં જણાવ્યા મુજબ મીટર વાંચન સાધન (MRI) વિગતો ઉપલબ્ધ હોય તે વિચારણામાં લેવી તે બાબતને ધ્યાને લઈ MRI રીપોર્ટ ને આધારે એપ્રિલ–૨૦૧૯ થી જાન્યુઆરી–૨૦૨૨ સુધીનું ૩૩ મહિનાનું મીટર સ્લોનેસ મુજબ ગણતરી કરી ૫૬,૬૧૩ યુનિટ નું રૂ.૪,૭૯,૭૨૯/૮૩ નું બિલ બોટાદ શહેર –૨ પે.વિ.કચેરી દ્વારા પત્ર નં–૭૮૯ તા.૧૭/૨/૨૦૨૨ થી કલમ–૧૨૬ મુજબ બિલ આપવામાં આવેલ. ત્યારબાદ, કવરીંગ પત્રમાં શરતચૂક થવાથી પત્ર નં–૧૩૮૧ તા.૧૪/૦૩/૨૦૨૨ થી તેટલી જ રકમનું બિલ આપવામાં આવેલ.

૨.૭ અરજદારશ્રી એ પોતાની રજૂઆતમાં જણાવેલ છે કે, આપેલ બિલની રકમ રૂ.૪,૭૯,૭૨૯/૮૩ ના ૩૩% રકમ રૂ.૧,૫૮,૩૧૧/– ભરીને આ ફરીયાદ નોંધાવીએ છીએ. પરંતુ, અરજદાર દ્વારા જે રકમ ભરપાઈ કરેલ છે તે વિજ બિલ પેટેની રકમ રૂ.૧૬,૩૦૦/૬૬ લેણી હોવાથી કનેકશન કાપવા જતા અરજદારના પ્રતિનિધિ દ્વારા જણાવેલ કે, અમો અમારા ગ્રાહકમાં વધુ રકમ જમા રાખવા માંગીએ છીએ તેમ જણાવી એનર્જી બિલ પેટે રસીદ નં–૩૧૫૩૫૫ થી રૂ.૧,૫૮,૩૧૧/– ભરપાઈ કરેલ છે.

૨.૮ અરજદાર પોતાની રજૂઆતમાં જણાવેલ છે કે, મીટર ફીટ કરતી વખતે પીજીવીસીએલ ના વિજ કર્મચારીઓ ની ભૂલ/ક્ષતિ ના કારણે આ મીટરના વાયરીંગ લુઝ રહેવાથી મીટરના રેકોર્ડીંગ ક્ષતિ ઉભી થયેલી છે. પરંતુ, સદર મીટર તા૩૦/૧૧/૨૦૧૮ ના રોજ લગાડવામાં આવેલ છે અને મીટર MRI રીપોર્ટ મુજબ તા.૭/૪/૨૦૧૯ થી સદર મીટરમાં ખામી થયેલ હોવાનું માલૂમ પડેલ છે.

આમ, ગ્રાહકને આપવામાં આવેલ સ્લોનેશ નું બિલ બરાબર છે.

☞ **<u>ફોરમનું તારણ</u> :–** વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદારશ્રી રણજીતભાઈ બહાદુરભાઈ વાળા દ્વારા તેમના બોટાદ સ્થિત ૧૦૦ કિ.વો.ના એલટીએમડી કનેકશન જેનો ગ્રાહક નં–૮૫૮૦૩/૦૭૫૬૧/૨ છે. તેને પ્રતિવાદી ની બોટાદ ટાઉન પે.વિ.કચેરી–૨ દ્વારા આપવામાં આવેલ ૩૬.૬૫% સ્લોનેસ ના રૂ.૪,૭૯,૭૨૯/૮૩ અંગેની રજૂઆત ફોરમને કરેલ છે.

૩.૨ પ્રતિવાદી દ્વારા જણાવેલ છે કે, વાદીને રૂટીન ચેકીંગ દરમ્યાન આપવામાં આવેલ સ્લોનેસનું બિલ MRI રીપોર્ટ મુજબનું છે તથા યોગ્ય છે.

P.G.V.C.L. Bhavnagar Consumer Grievances Redressal Forum

૩.૩ આજરોજ બંને પક્ષોની રજૂઆત તથા રજૂ થયેલ દસ્તાવેજો જોતાં, ફોરમને જણાય છે કે, વાદીનું વિવાદીત મીટર તા.૩૦/૧૧/૨૦૧૮ ના રોજ લગાડવામાં આવેલ છે. જયારે તેનું વિજ ચેકીગ તા.૧૫/૨/૨૦૨૨ ના રોજ રૂટીન ચેકીગમાં મીટર બદલાવેલ તથા તેની ગ્રાહકની હાજરીમાં લેબ ચકાસણી કરવામાં આવેલ અને ખામીયુકત જણાયેલ. આથી, ફરીથી તા.૫/૩/૨૦૧૯ ના રોજ લેબ ચકાસણી કરતા, રીપોર્ટ અને મીટર ડેટા (MRI) તા.૭/૪/૨૦૧૯ મુજબ મીટરમાં ખામી જણાતા, ૫૬,૬૧૩ યુનિટનું ૩૬.૬૫% સ્લોનેસ ની રકમનું બિલ આપવામાં આવેલ.

આ તબકકે ફોરમને જણાય છે કે, પ્રતિવાદીની કચેરી દ્વારા GERC ના સપ્લાય કોડ રેગ્યુલેશન નં–૪/૨૦૧૫ ના સેકશન નં–૬.૩૩ મુજબ મીટર ટેસ્ટીગ ૫૫ ના સેકશન નં–૬.૩૩ મુજબ મીટર ટેસ્ટીગ પ્રક્રિયા નિયમોનુસાર કરેલ નથી તેમજ MRI રીપોર્ટના આધારે તા.૭/૪/૨૦૧૯ થી જાન્યુ–૨૨ સુધીના આશરે ૩૩ માસની સ્લોનેસ નું બિલ આકારેલ છે. જે યોગ્ય નથી.

૩.૪ આથી હુકમ કરવામાં આવે છે કે, પ્રતિવાદીએ વાદીને આપેલ ૩૩ માસના સ્લોનેસનું રૂા.૪,૭૯,૭૨૯/૮૩ નું બિલ રદ કરવું તેમજ GERC ના સપ્લાય કોડ મુજબ ૬ માસની સ્લોનેસની ગણતરી કરી રીવાઈઝડ બિલ વાદીને આપવું તથા અગાઉના બિલ સામે જો વાદી દ્વારા કોઈ રકમ ભરપાઈ કરવામાં આવેલ હોઈ તો તે એડજસ્ટ કરી આપવી.

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૪ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણ બાગ, રાજકોટ-૩૬૦-૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મેહતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

(ગેરહાજર)
**(એ.એ.જાડેજા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

તારીખ :– ૨૭/૦૪/૨૦૨૨.